# કોમર્શિયલ ડ્રાઈવર

કોમર્શિયલ ડ્રાઇવરને વ્યાવસાયિક રીતે ઉપયોગમાં લેવાતા વાહનો ચલાવવા માટે પ્રશિક્ષિત અને પ્રમાણિત કરવામાં આવે છે. તેમની પાસે કોમર્શિયલ ડ્રાયવર તરીકેનું લાયસન્સ હોય છે અને તેઓ ટ્રક, બસ અને ટ્રેલર સહિત મોટા અને ભારે વાહનોનું સંચાલન કરે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમને બહાર કામ કરવાનું ગમે છે
- તમે નવી જવાબદારીઓ લેવા માટે ઉત્સાહિત છો
- તમે તમામ પ્રકારના લોકો સાથે સહજતાથી વાત કરી શકો છો

## પ્રવેશ માટે...

૧. કોઇ પણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. સરકારી મોટર ડ્રાઈવિંગ સ્કૂલ અથવા રાજ્ય સરકાર સાથે જોડાયેલી ડ્રાઈવિંગ સ્કૂલમાંથી ડ્રાઇવિંગ શીખો

૩. લર્નર્સ લાઇસન્સ મેળવો

૪. ડ્રાઇવિંગ ટેસ્ટ પાસ કરો

૫. ૩૦ દિવસ રાહ જુઓ

૬. કોમર્શિયલ વ્હીકલ ચલાવવાના લાયસન્સ માટે અરજી કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો



## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## અપેક્ષિત આવક

* અહી આપેલ આંકડા એન.સી.એસ.માંથી લેવામાં આવ્યા છે અને તે ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

એક કોમર્શિયલ ડ્રાઇવરનું માસિક વેતન રૂ. ૮,૦૦૦ થી ૭૦,૦૦૦* જેટલું હોય છે.

સ્ત્રોત: https://www.payscale.com/re- search/IN /Job-Heavy_Truck_Driver/ Salary?loggedIn

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** માલનું પરિવહન કરતી (લોજિસ્ટિક્સ) કોઇ પણ કંપનીઓ જે કાચા માલ અથવા તૈયાર ઉત્પાદનોને એક સ્થળેથી બીજા સ્થળ પર પહોંચાડવાની કામગીરી કરે છે.

**ઉદ્યોગ સાહસિકતા:** તમે એક ટ્રકના માલિક પણ બની શકો છો અને કરાર આધારિત કામગીરી કરી શકો છો અથવા તમારી પોતાની પરિવહન કંપની શરૂ કરી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ:** તમારે ઘણો સમય વાહન ચલાવવામાં પસાર કરવો પડે છે. કામના કલાકો નિર્ધારિત હોતા નથી, પરંતુ સમયસર ડિલિવરી સુનિશ્ચિત કરવા માટે તમે અઠવાડિયામાં ૪૦ કે તેથી વધુ કલાકો સુધી ડ્રાઈવિંગ કરવું પડી શકે છે. વાહનના યાંત્રિક પાસાઓની મૂળભૂત બાબતોની જાણકારી હોવી આવશ્યક છે. કારણ કે વાહનની જાળવણી કે દેખભાળને લગતી કેટલીક બાબતો તમારે જોવી પડે છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

આસિસ્ટન્ટ ડ્રાઈવર/હેલ્પર → કોમર્શિયલ વ્હીકલ ડ્રાઈવર લેવલ ૩ → કોમર્શિયલ વ્હીકલ ડ્રાઈવર લેવલ ૪ → કોમર્શિયલ વ્હીકલ ડ્રાઈવર ટ્રેનર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ટ્રક ડ્રાઈવર, હેવી ડ્રાઈવર, કોમર્શિયલ ડ્રાઈવર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**ભારતમાં માન્યતાપ્રાપ્ત કોઈપણ શાળા**

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in



## સાફલ્ય ગાથા

**યોગિતા રઘુવંશી** એ ભારતની પ્રથમ મહિલા ટ્રક ડ્રાઈવર છે. વર્ષ ૨૦૦૦માં તેમના પતિના અવસાન પછી તેણી આ વ્યવસાયમાં જોડાઈ હતી. તેણીએ કાયદામાં સ્નાતક કર્યું છે અને આજે રાજહંસ ટ્રાન્સપોર્ટ કંપનીની માલિકી ધરાવે છે. તે હિન્દી, અંગ્રેજી, ગુજરાતી, મરાઠી અને તેલુગુ ભાષામાં નિપુણ છે.*

સ્રોત: https://www.businessinsider.in/-meet-the-most-qualified-indian-truck-driver- whos-also-a-mother-of-two/articleshow/52447084.cms

ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ